The result of the Postal Ballot shall be declared by Monday, August 28, 2023 through Notice Board at the registered and corporate office of the Company, on the Company's website at www.hdbfs.com, on the website of NSDL at www.evoting.nsdl.com and shall also be communicated to the Stock Exchanges where the Company's debt securities are listed i.e. BSE Limited at www.bseindia.com and National Stock Exchange of India Limited at www.nseindia.com.

For **HDB Financial Services Limited**
**Sd/-**
**Dipti Khandelwal**
**(Company Secretary)**
**Membership No.:F11340**

Place: Mumbai
Date: July 27, 2023

# ખેડબ્રહ્મા તાલુકા તથા શહેર ભાજપની પરિચય બેઠક યોજાઈ


(તસ્વીરઃ હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,**
ખેડબ્રહ્મા તાલુકા અને શહેર ભારતીય જનતા પાર્ટીની એક મહત્વની નવા પ્રભારીઓની પરિચય બેઠક આજરોજ તારીખ ૨૭- ૭- ૨૦૨૩ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે નગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ હોલમાં યોજાઇ હતી. શ્રી ગજેન્દ્રભાઈ સક્સેનાએ વિષય પ્રમાણે સૌનું માર્ગદર્શન કર્યું હતું. આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય શ્રી અશ્વિનભાઈ કોટવાલ જિલ્લા પ્રભારી શ્રી ગજેન્દ્રભાઈ સક્સેના ના તાલુકા પ્રભારી તેજાભાઈ પટેલ, શહેર પ્રભારી શ્રી મુકેશભાઈ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ ધીરુભાઈ પટેલ, જિલ્લા ભાજપના મૂળજીભાઈ પટેલ, પ્રિયંકા ખરાડી, મીનાબેન જોશી, નટવરસિંહ ભાટી, કનુભાઈ પટેલ, વિધાનસભા પ્રભારી શ્રી જયેશભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ, મહામંત્રીઓ નરસિંહભાઈ તથા બકાભાઇ, પ્રમુખ અરવિંદ રાવલ મહામંત્રીઓ રાજેન્દ્રસિંહ, શિવાભાઈ ગમાર, જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના સદસ્યો, નગરપાલિકાના પૂર્વ સદસ્યો, તાલુકા તથા શહેરના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ પ્રસંગે શહેર પ્રમુખ અરવિંદભાઈ રાવલ એ સૌને સ્વાગત કરી આવકાર્ય હતા સાબરકાંઠા જિલ્લા ભાજપના સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના એ સરળ એપ મિસ કોલ તેમજ ૩૦ મી તારીખે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી નો મન કી બાત ના કાર્યક્રમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને તમામ બુથના સંયોજક અને પ્રભારીની ૧૫ મી ઓગસ્ટ પહેલા નિયુક્તિ કરી દેવા આદેશ આપ્યો હતો આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષી ને બુથ સંયોજક અને પ્રભારીની નિયુક્ત કરવા બાદ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી અને ખેડબ્રહ્મા વિધાનસભાના જોનલ પ્રભારી જયેશભાઈ પટેલ તાલુકાના પ્રભારી તેજાભાઈ પટેલ અને શહેર પ્રભારી મુકેશભાઈ સોલંકી ને દર મહિને ઓછામાં ઓછા ત્રણ વખત મંડલની મુલાકાત લઈ કાર્યક્રમો કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું અંતમાં આભાર વિધિ તાલુકા ભાજપના પ્રમુખ સુરેશભાઈ પટેલે કરી હતી કાર્યક્રમનું સફળ સંચાલન શહેર મહામંત્રી રાજેન્દ્રસિંહ ચૌહાણને કર્યું હતું.

# ભરૂચ જિલ્લામાં દશામાની ભવ્ય વિસર્જન યાત્રાઓ જાહેર માર્ગો પરથી નીકળી

## ઝાડેશ્વરના નીલકંઠેશ્વર ઘાટ ઉપર નર્મદા નદીમાં દશામાનું વિસર્જન કરી વ્રતની પૂર્ણાહુતિ કરાઈ


(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચ જીલ્લામાં ભક્તો દ્વારા ૧૦ દિવસ દશામાંની સ્થાપના કરીને પુજા-અર્ચના અને આરાધના કર્યા બાદ ગુરુવારે વહેલી સવારે શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરાયુ હતું.ભક્તોએ શહેરમાં નર્મદા નદીમાં,ગામ તથા નગરોમાં સ્થાપના કરાયેલી નાની, મોટી પ્રતિમાઓને વાજતે- ગાજતે,શ્રદ્ધાપૂર્વક તળાવ નહેરમાં વિસર્જીત કરી દશામાના વ્રતની પૂર્ણાહુતિ કરી હતી.

ભક્તોની દશા સુધારનાર દશામાના વ્રતની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી દિવાસાના દિવસથી હજારો ભક્તોએ પોતાના ઘરે દશા માતાજીની પૂજા અર્ચના સાથે સ્થાપના કરી હતી અને દસ દિવસ સુધી માતાજીની ઉપાસનામા ભક્તો ભક્તિમય બન્યા હતા.દસ દિવસ સુધી માતાજીની આરાધના બાદ અંતિમ દિવસે જાગરણ કરી ગુરૂવાર ની વહેલી સવારે ભરૂચ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ભક્તોએ દશા માતાજીની ભવ્ય વિસર્જન યાત્રા સાથે નર્મદા નદીના ઘાટ ઉપર પહોંચ્યા હતા.ઝાડેશ્વર ગામના નર્મદા નદીનો ઘાટ વિસર્જન માટે બંધ કરવામાં આવતા ભક્તોને હાલાકી ભોગવી પડી હતી અને વિસર્જન યાત્રા સાથે દશા માતાજીને વિસર્જન માટે ભરૂચ ઝાડેશ્વરના નીલકંઠેશ્વર નર્મદા નદીના ઘાટ ઉપર વિસર્જન કરવાની કવાયત કરવામાં આવી હતી.જો કે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ દશા માતાજીનું શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન કરાયું હતું અને ભક્તોએ પણ દશા માતાજીને વિસર્જન યાત્રામાં ભવ્ય ડેકોરેશન સાથે ભરૂચ શહેરના માર્ગો પરથી પસાર થતા ભક્તોમાં પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. પોલીસ વિભાગે માત્ર કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બંદોબસ્ત પૂરતી સેવા નહીં પરંતુ દશા માતાજી નું વિસર્જન કરવા આવતા ભક્તોની પાસેથી ફૂલહાર શ્રીફળ સહિતની સામગ્રી એકત્ર કરી નર્મદા નદીને સ્વચ્છ રાખવાનું કામ પણ પોલીસ વિભાગે કર્યું હતું.

અંકલેશ્વર શહેરમાં ભાવિક ભક્તો દ્વારા માં દશામાંની પ્રતિમાનું સ્થાપન કરાયું હતું.દસ દિવસના વ્રતની પૂર્ણાહૂતિ સાથે દશામાંની પ્રતિમાઓને રંગેચંગે વિદાય અપાઈ હતી. અંકલેશ્વર નગરમાં ઘરે ઘરે શ્રધ્ધાળુઓએ રાત્રી જાગરણ કરીને ઉજવણી કરી હતી.જ્યારે ગુરુવારે વહેલી સવારે ટ્રેક્ટર,ટેમ્પા જેવા વાહનો સાથે નદી, તળાવ, નહેર ખાતે વાજતે ગાજતે દશામાંની પ્રતિમાઓનું વિસર્જન કરાયું હતું. આ સમયે જય દશામાં નારા સાથે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

પરિવાર સાથે આવેલા નાના-મોટા યુવાનોએ માતાજીની આરતી ઉતારીને પરિવાર ખુશ રહે એવી પ્રાર્થના કરી હતી.દસ દિવસના ભક્તિભાવ સાથે આતિથ્ય માણ્યા બાદ દશામાની વાજતે ગાજતે શ્રધ્ધાળુઓ પૂરા ભાવથી વિદાય કરી હતી.શહેરમાં વિસર્જનમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત અને અંકલેશ્વર પાલિકાના ફાયર વિભાગના જવાનો ખડેપગે હાજર રહ્યા હતા.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

## મેડિકલ વેસ્ટનો જથ્થો મળ્યો

અંકલેશ્વરઃઅંકલેશ્વર સ્ટેશન વિસ્તારમાં આવેલી આઈટીઆઈ નજીક અજાણ્યા લોકો દ્વારા મેડિકલ વેસ્ટનો નગરપાલિકાની કચરા પેટી નજીક નિકલા કરવામાં આવતા રાહદારી આજુબાજુના સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અંકલેશ્વર સ્ટેશનના મુખ્ય માર્ગ પર કચરો મળતા ત્યાંના સ્થાનિક નાગરિક દ્વારા નગરપાલિકા સત્તાધીશોને જાણ કરતા પાલિકાની ટીમ ઘટના સ્થળે પહોંચી મેડિકલ વેસ્ટનાકચરાને હટાવી અને કચરો કોણે નાખ્યો તેની તપાસ હાથ ધરી છે.

Franklin Templeton Mutual Fund
Cordially invites you for a program under it's Investor Education and Awareness Initiative.
Venue :
Crown Plaza, Sarkhej - Gandhinagar HwyNear Shapath V, Prahlad Nagar, Ahmedabad 380015
Date: 30th July, 2023
Time: 10.45 a.m.
Contact Person: Utkarsh Rastogi (7710801123)
Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow
All Covid protocols will be followed.
We look forward to your participation.
FRANKLIN TEMPLETON
Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

Franklin Templeton Mutual Fund
Cordially invites you for a program under it's Investor Education and Awareness Initiative.
Venue :
Silver Cloud, Opp Gandhi Ashram, Ashram Road, Ahmedabad 380013
Date: 30th July, 2023
Time: 10.30 a.m.
Contact Person: Pravin Sumesara (9898018526)
Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow
All Covid protocols will be followed.
We look forward to your participation.
FRANKLIN TEMPLETON
Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West), Mumbai - 400013
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

## સેલવાસ ડોકમરડીમાં પુલ પરથી તણાયેલા

# પિતા-પુત્રના પરિવારને સહાય અંગે કલેકટરને આવેદન પત્ર અપાયું


(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) સેલવાસ,**
સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસ ખાતે ડોકમરડી ફળિયાની વૃદાવન સોસયટીના રહીશ પિતા-પુત્રનું તાજેતરમાં ડોકમરડીના નીચા પુલ પરથી કારથી પસાર થતી વખતે,દમણ ગંગા ડેમમાંથી છોડાયેલા પાણી પુલ ઉપર ફરી વળતા પાણીનો પ્રવાહ વધી જતા કાર સાથે પિતા પુત્ર પાણીના પ્રવાહમાં તણાઈ જવાથી થયેલા કરુણ અવસાન બાદ આજે નગર પાલિકા કાઉન્સીલર સુમન પટેલે મૃતકના પરિવારને આર્થિક સહાય મળે તે માટે સેલવાસ કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં વિવિધ મુદ્દાઓ રજુ કરી પિડીત પરિવારને મદદ કરવા માટે વિનંતી કરાઈ હતી. આ આવેદનપત્રના પ્રતિભાવમાં પ્રતિક્રિયા આપતા સેલવાસ કલેકટર ભાનુ પ્રભાએ આશ્વાસન આપતા કહ્યું કે, આ બનાવમાં જેમાં મૃત્યુ પામેલા મુકુલ ભગતની પત્નીને નોકરી, પુત્રના અભ્યાસ માટે સહાયતા, ઘરની બાકી રાશી, વિધવા માતાને પેનશન, આર્થિક સહાયતા માટે પ્રશાસક પ્રફુલ પટેલ સાથે વાતચીત કરશે અને કલેક્ટરે પોતે ડોકમરડી પુલ ખાતે જઈ બનાવ વાળી જગ્યાનું નિરીક્ષણ કર્યુ અને કોન્ટ્રાક્ટરને બોલાવી પુલને બન્ને તરફથી બંધ કરી દેવા આદેશ આપ્યો હતો.

# નિવૃત્તિ સમારોહ યોજાયો


(તસ્વીરઃ બકોર પટેલ, મોડાસા)

**પ્રતિનિધિ. મોડાસા.**
શામળાજી શીતકેન્દ્ર ના એન્જિનિયરીંગ વિભાગમાં ટેક્નિશિયન તરીકે ૧૯૯૧ થી લગાતાર એકજ જગ્યા એ ૩૨ વર્ષ સુધી નોકરી કરતા શૈલેષભાઈ જી ત્રિવેદી આજે ૫૫ વર્ષ પૂર્ણ થતાં નિવૃત્તિ સમારોહ શીતકેન્દ્ર ના મેદાનમાં શીતકેન્દ્ર ના ઈન્ચાર્જ મહેન્દ્રભાઈ પટેલ , એમ પી ઓ વિભાગ ના ઈન્ચાર્જ હેમંતભાઈ પટેલ મેહુલભાઈ પટેલ તેમજ શૈલેષભાઈ ત્રિવેદી ની પુત્રીઓ ડોકટર નિધિ ત્રિવેદી અને ડોકટર ધ્રૂવી ત્રિવેદી ની ની ઉપસ્થિતી માં વિદાય સમારોહ માં શામળાજી શીતકેન્દ્ર ના પ્રોડકાશન સ્ટાફ તેમજ એન્જીયરીંગ સ્ટાફ લેબર સ્ટાફ સિક્યુરિટી સ્ટાફ અને વેટરનરી સ્ટાફ તેમજ એમ પી ઓ સ્ટાફે મોમેન્ટો સાલ અને શ્રીફળ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમ ને શીતકેન્દ્ર ના સ્ટાફે સફળ બનાવ્યો હતો

# વલસાડ બીડીસીએના સ્થાપક કાંતીકાકાને ૭મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અપાઈ



**(પ્રતિનિધિ) વલસાડ,**
વલસાડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ( બીડીસીએ) ના લાઈફ ટાઈમ ફાઉન્ડર અને માનદ મંત્રી કાંતીકાકાની ૭ મી પુણ્યતિથિ નિમિત્તે બીડીસીએના હોદેદારો સ્ટાફ પ્રબુદ્ધ નાગરિકો અને ગ્રાઉન્ડ મેન દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

વલસાડ શહેરના મુખ્ય સ્ટેડિયમ રોડ પર આવેલ બીડીસીએ ક્રિકેટ( સરદાર સ્ટેડિયમ) ગ્રાઉન્ડના આજીવન ફાઉન્ડર મેમ્બર અને માનદ મંત્રી કે. આર. દેસાઈ ઉર્ફે કાંતિકાકાની ૭ મી પુણ્યતિથિ નિમિત્તે બીડીસીએના હોદેદારો, સ્ટાફ અને ગ્રાઉન્ડ મેન એ કાંતીકાકાના સ્મારક પર હાર પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી તેમણે કરેલી સેવાને બિરદાવી ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# એન. સી. સી. ગર્લ્સ બટાલિયન, આણંદ દ્વારા કારગીલ વિજય દિવસની ઉજવણી કરાઈ

**(પ્રતિનિધિ) આણંદ,**
એન.સી.સી.ગ્રુપ મુખ્યાલય, વલ્લભ વિદ્યાનગર અંતર્ગત ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. આણંદ દ્વારા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કુલ, ખેતીવાડી, એન.એસ.પટેલ ઑટોનોમસ આર્ટ્સ કોલેજ, આણંદ તેમજ બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, થામણા ઈંગ્લિશ ઈન્સ્ટિટ્યૂટ વગેરે માં ૨૬ જુલાઈ નાં રોજ કારગીલ વિજય દિવસ ની ઉજવણી તરીકે એક સુંદર કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં દરેક સંસ્થા ના પ્રાચાર્યશ્રી એ સંસ્થામાં સતત ઉપસ્થિત રહી કેડેટ ને માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં બધી સંસ્થાનાં લગભગ ૪૫૦ કેડેટ્સ અને સંસ્થા નાં કેરટેકર પ્રા. જયશ્રી પરમાર, શ્રીમતી અક્ષી પટેલ, કેરટેકર ડિમ્પલ પટેલ, એ.એન.ઓ. લેફ્ટનેંટ સવિતા યાદવ, થર્ડ ઓફિસર કરિશ્મા ચૌધરી, જી.સી. આઇ. તથા સુબેદાર મેજર ટીમન્ના મિર્જે અન્ય સ્ટાફ સાથે હાજર રહ્યા હતા. સંસ્થા નાં આચાર્યશ્રીએ કેડેટને પ્રાસંગિક ઉદ્દબોધન કરી કારગીલ યુધ્ધનાં શહિદોને યાદ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે દેશભક્તિ ગીત, નાટક, નૃત્ય વગેરેમાં આ જ સંસ્થાના ૩૪૦ વિદ્યાર્થી કેડેટ સહભાગી બની ને રાષ્ટ્ર ભક્તિની અખંડ જયોત જલાવી હતી. આ કાર્યક્રમનું સુંદર આયોજન તથા સંચાલનએ યુનિટના માર્ગદર્શન હેઠળ સારીરીતે પૂર્ણ કર્યું હતું.

# કેડીલા ફાર્માસ્યુટિકલ્સે ઓર્ગેનિક ફાર્મિંગ અંગે સેમિનાર યોજ્યો

**અમદાવાદ,**
કોર્પોરેટ સામાજીક જવાબદારી (સીએસઆર) પ્રવૃત્તિના ભાગરૂપે કેડીલા ફાર્માસ્યુટિકલ્સે તેના ધોળકા સંકુલ ખાતે ઓર્ગેનિક ફાર્મિંગ અંગે એક સેમિનાર અને ચર્ચાનું આયોજન કર્યુ હતું.

પશુપાલન વિભાગ, અમદાવાદ ખાતેના પ્રાદેશિક સંયુક્ત નિયામક ડો. કે જી. બ્રહ્મક્ષત્રિય એ આ સમારંભમાં હાજર રહેલા ખેડૂતોને ઈન્દ્રશીલ તિર્થ અને શાંતિવન મેમોરિયલનું મહત્વ સમજાવતાં કેડીલા ફાર્માસ્યુટિકલના સ્થાપક ચેરમેન શ્રી ઈન્દ્રવદન મોદીને શ્રધ્ધાંજલિ આપી હતી અને ઓર્ગેનિક ફાર્મિંગના મહત્વ અંગે વાત કરતી હતી. આ સમારંભમાં રાજ્યના પશુપાલન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સહિત અમદાવાદ જીલ્લાના ૭૦ કરતાં વધુ ખેડૂતો અને ડેરી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોએ તાજેતરમાં ઓર્ગેનિક ફાર્મિંગ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ બાબતે ચર્ચા કરી હતી.

કેડીલા ફાર્માસ્યુટિલ્સના ડો. યોગશ પહારીયાએ હાજર રહેલા લોકોને કંપનીની વેનટોવા પ્રોડક્ટ રેન્જ અંગે ટૂંકી માહિતી આપી હતી અને પશુઓના આરોગ્ય અંગે કંપનીની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. પશુપાલન વિભાગના અધિકારીઓએ આ પ્રોડક્ટસ અંગે તથા પશુઓનું આરોગ્ય સુધારવામાં કંપનીની કામગીરી અંગે પ્રશંસા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ૯ પ્રગતિશીલ ખેડૂતો કે જેમણે ઓર્ગેનિક ફાર્મિંગ અને પશુપાલનની પ્રગતિશીલ પધ્ધતિઓ અપનાવી છે અને અન્ય લોકોને આવી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે પ્રેરણા આપી છે તેમનું કેડીલા ફાર્માસ્યુટીક્લસ અને પશુપાલન વિભાગે બહુમાન કર્યું હતું.

HDB FINANCIAL SERVICES
**એચડીબી ફાઇનાન્સીયલ સર્વિસીસ લિમીટેડ**
(CIN U65993GJ2007PLC051028)
**રજી. ઓફીસ : રાધીકા, બીજો માળ, લો ગાર્ડન રોડ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯**
**કોર્પો. ઓફિસ :** ગ્રાઉન્ડ ફ્લોર, ઝેનીથ હાઉસ, કેશવરાવ ખાડયે માર્ગ, મહાલક્ષ્મી, મુંબઈ-૪૦૦૦૩૪
**ટેલિ.નં.+૯૧ ૨૨ ૪૯૧૧૬૩૦૦, ફેક્સ નં.+૯૧ ૨૨ ૪૯૧૧૬૬૬૬**
**ઇમેઇલ આઇડી : compliance@hdbfs.com, વેબસાઇટ : www.hdbfs.com**

કંપની અધિનિયમ, ૨૦૧૩, (અધિનિયમ) ની કલમ ૧૦૮ સાથે વાંચેલી કલમ ૧૧૦ અને અન્ય લાગુ જોગવાઈઓ, જો કોઈ હોય તો, (જેમાં કોઈ વૈધાનિક ફેરફાર અથવા તે સમય માટે અમલમાં છે તે પુનઃ અધિનિયમ સહિત) અનુસાર સૂચના આથી આપવામાં આવે છે. કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ (નિયમો) ના નિયમો ૨૦ અને ૨૨ સાથે વાંચો, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (SS-૨) દ્વારા જારી કરાયેલ સામાન્ય મીટિંગ્સ પર સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ, અને તે અનુસાર કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા સામાન્ય સભાઓ યોજવા / ઈલેક્ટ્રોનિક મતદાન દ્વારા પોસ્ટલ બેલેટ પ્રક્રિયા હાથ ધરવા માટે નિર્ધારિત જરૂરિયાતો સાથે (રિમોટ ઈ-વોટિંગ) સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ દ્વારા તા. ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦ તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૨૨/૨૦૨૦ તા. ૧૫ જૂન, ૨૦૨૦, ૩૩/૨૦૨૦તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦/૩૨૦તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦, ૧૦/૨૦૨૧ તારીખ ૨૩જૂન, ૨૦૨૧, ૨૦/૨૦૨૧ તારીખ ૮ ડિસેમ્બર, ૨૦૨૧, ૩/૨૦૨૨ તારીખ ૫ મે, ૨૦૨૨ અને ૧૧/૨૦૨૨ તારીખ ડિસેમ્બર૨૮, ૨૦૨૨ (MCA પરિપત્રો) અને અન્ય લાગુ કાયદા અને નિયમો, સમય સમય પર (કોઈપણ વૈધાનિક ફેરફાર(કોઈપણ કાયદાકીય ફેરફાર(કો)) અથવા તેના પુનઃઅધિનિયમ(કોઈપણ કાયદાકીય સુધારા(ઓ) સહિત, સભ્યોની મંજૂરી, અમલમાં ઈ-વોટિંગ પ્રક્રિયા (રિમોટ ઈ-વોટિંગ) દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા નીચેના ઠરાવો માટે HDB ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ (કંપની)ની માંગ કરવામાં આવી રહી છેઃ

૧) શ્રી જીમી ટાટા (ડીનઃ ૦૬૮૮૮૩૬૪) ની કંપનીના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂકને મંજૂરી આપવી.
૨) HDB ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડના પાત્ર કર્મચારીઓ માટે કર્મચારી સ્ટોક વિકલ્પ યોજના ૨૦૧૭ અને કર્મચારી સ્ટોક વિકલ્પ યોજના ૨૦૨૨ માં સુધારાને મંજૂરી આપવી.

એમસીએના પરિપત્રોના અનુસંધાનમાં, કંપનીએ ગુરુવાર, ૨૭ જુલાઈ, ૨૦૨૩ ના રોજ, કંપનીના તમામ સભ્યોને, જેમણે તેમનું ઈમેલ સરનામું રજીસ્ટર કર્યું છે, તેમને સ્પષ્ટીકરણ નિવેદન સાથે નોટિસ ઓફ પોસ્ટલ બેલેટ (નોટિસ)ની ઈલેક્ટ્રોનિક નકલો મોકલી છે. કંપની અથવા તેમના ડિપોઝિટરી સહભાગી સાથે શુક્રવાર, જુલાઈ ૨૧, ૨૦૨૩ એટલે કે કટ-ઓફ તારીખ. આ સૂચના કંપનીની વેબસાઈટ https://www.hdbfs.com/investors/ પર વિભાગ રોકાણકાર સેવાઓ/પોસ્ટલ બેલોટ હેઠળ અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL)ની વેબસાઈટ વિભાગ 'નોટિસ ડાઉનલોડ' હેઠળ https://www.evoting.nsdl.com પર પર પણ અપલોડ કરવામાં આવી છે.

એમસીએ પરિપત્રની જોગવાઈઓ અનુસાર, સભ્યો રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ મત આપી શકે છે. જે સભ્યોના નામ ડિપોઝિટરીઝના રેકોર્ડ મુજબ શુક્રવાર, ૨૧ જુલાઈ, ૨૦૨૩ (એટલે કે કટ-ઓફ તારીખ) દેખાય છે તેઓ માત્ર દૂરસ્થ ઈ-વોટિંગ દ્વારા કંપનીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો કટ-ઓફ તારીખે તેમનો મત આપવા માટે હકદાર હશે અને મતદાનનો અધિકાર તેમના હિસ્સાના પ્રમાણમાં રહેશે.

કંપનીએ તેના તમામ સભ્યોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે એનએસડીએલની સેવાઓ રોકી છે.

રિમોટ ઈ-વોટિંગ સુવિધા નીચે આપેલા સમયગાળા દરમિયાન ઉપલબ્ધ રહેશેઃ

| | |
|---|---|
| **રિમોટ ઈ- વોટિંગ શરૂ** | **શુક્રવાર ૨૮ જુલાઈ, ૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે (IST)** |
| **રિમોટ ઈ- વોટિંગ બંધ** | **શનિવાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે (IST)** |

ત્યારબાદ NSDL દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય કરવામાં આવશે અને ઉલ્લેખિત તારીખ અને સમય પછી મતદાનની મંજૂરી આપવામાં આવશે નહીં. મહેરબાની કરીને નોંધ કરો કે એકવાર ઠરાવ પર મતદાન થઈ જાય, પછી સભ્યો તેને બદલી શકશે નહીં.

જે સભ્યોએ તેમનું ઈમેઈલ સરનામું નોંધાવ્યું નથી તેમને સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ સાથે તેમનું ઈમેઈલ સરનામું નોંધાવવા વિનંતી કરવામાં આવે છે. અસ્થાયી ધોરણે ઈમેઈલ સરનામું અને મોબાઈલ નંબર ઈલેક્ટ્રોનિક રીતે અપડેટ કરવાની લિંક લિંક ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની વેબસાઈટ https://linkintime.co.in/emailreg/email_register.html_પર ઉપલબ્ધ છે.

ઈ-વોટિંગની પ્રક્રિયા અંગેની સૂચનાઓ પોસ્ટલ બેલોટ નોટિસમાં આપવામાં આવી છે.

પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી શ્રી મિતેશ શાહ (FCS ક્રમાંકઃ ૧૦૦૭૦) ને પોસ્ટલ બેલેટ યોગ્ય અને પારદર્શક રીતે હાથ ધરવા માટે સ્ક્રૂટિનાઈઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે શેરધારકો માટે FAQ અને શેરધારકો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો https://www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ છે અથવા ટોલ ફ્રી નં.: ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦ અથવા evoting@nsdl.co.in પર વિનંતી મોકલો અથવા rnt.helpdesk@linkintime.co.in અથવા pradeep.mokale@linkintime.co.in પર ઈમેઈલ લખો અથવા સંપર્ક કરો હસ્તાક્ષર કર્યા વગર.

પોસ્ટલ બેલેટનું પરિણામ સોમવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીમાં કંપનીની નોંધાયેલ અને કોર્પોરેટ ઓફિસમાં નોટિસ બોર્ડ દ્વારા, કંપનીની વેબસાઈટ www.hdbfs.com પર, NSDLની વેબસાઈટ www.evoting.nsdl.com પર જાહેર કરવામાં આવશે. અને તે સ્ટોક એક્સચેન્જોને પણ જણાવવામાં આવશે જ્યાં કંપનીની ડેટ સિક્યોરિટીઝ સૂચિબદ્ધ છે એટલે કે BSE લિમિટેડ www.bseindia.com પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડ www.nseindia.com પર.

ફોર, **એચડીબી ફાઇનાન્સીયલ સર્વિસીસ લીમીટેડ**
**સહી/-**
**દિપ્તી ખંડેલવાલ**
**(કંપની સેક્રેટરી)**
**મેમ્બરશીપ નં. એફ૧૧૩૪૦**
**સ્થળ : મુંબઇ**
**તારીખ : ૨૭મી જુલાઈ, ૨૦૨૩**

**યુપીએલ લિમિટેડ**
**CIN:L24219GJ1985PLC025132**
રજિ.ઓફિસઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, વલસાડ-૩૯૬ ૧૯૫ , ગુજરાત.
ટેલીફોન નં.+૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬, ઈમેલઃ upl.investors@upl-ltd.com વેબસાઈટઃ www.upl-ltd.com

## ૩૯મી એન્યુઅલ જનરલ મિટીંગની સૂચના અને ઈ-વોટિંગ અંગેની માહિતી

૧. આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીની ૩૯મી એન્યુઅલ જનરલ મીટીંગ (**"એજીએમ") શુક્રવાર, ૧૮મી, ઓગસ્ટ ૨૦૨૩ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે (ભારતીય સમય મુજબ)** વિડીયો કોન્ફરન્સિંગ / અન્ય ઓડીયો વિઝ્યુઅલ માધ્યમ (**"વીસી ફેસીલીટી"**) દ્વારા લેવામાં આવશે. કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળના નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસક્લોઝર રીક્વાયરમેન્ટસ)ના નિયમો, ૨૦૧૫ (**"સેબી"**)ના પાલન સાથે, અને મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ **(એમસીએ)** દ્વારા રજૂ કરાયેલા અન્ય લાગુ પરિપત્રો અને સેબી **(સામૂહિક રૂપે લાગુ પરિપત્રો તરીકે ઓળખાય છે)**, જે એજીએમ બોલાવવાની સૂચનામાં જણાવેલા કાર્યો પાર પાડવા માટે સભ્યો વીસી ફેસીલીટી દ્વારા એજીએમ પર હાજરી આપીને વોટિંગ કરી શકશે. વૈકલ્પિક રીતે, સભ્યો https://instameet.linkintime.co.in પર લિંક દ્વારા એજીએમનું લાઈવ વેબકાસ્ટ જોઈ શકે છે. વીસી ફેસીલીટી સુવિધા દ્વારા ભાગ લેનારા સભ્યોને ફક્ત એજીએમ ખાતે હાજર હોવાનું માનવામાં આવશે અને તેમની હાજરી કોરમના હેતુ માટે પાત્ર ગણવામાં આવશે.

૨. લાગુ પડેલા પરિપત્રોના પાલનમાં એજીએમની નોટીસ અને સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ નાણાંકીય નિવેદનો, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે બોલાવેલી નોટિસ સાથે બોર્ડનો રિપોર્ટ, ઓડિટર્સ રિપોર્ટ અને તેમાં જોડાયેલા અન્ય દસ્તાવેજો ગુરુવાર ૨૭મી જુલાઈ, ૨૦૨૩ના રોજ મોકલવામાં આવ્યા છે. કંપનીના એવા સભ્યોને કે જેમના ઈમેઈલ સરનામાંઓ આરટીએ/કંપની/ડિપોઝિટરી પાર્ટીસીપન્ટસ (ઓ) સાથે નોંધાયેલા છે. ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.upl-ltd.com પર અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઈટ પર, એટલે કે બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ જે www.bseindia.com પર અને www.nseindia.com અનુક્રમે પણ ઉપલબ્ધ રહેશે, અને લીન્ક ઈન ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ(લીન્ક ઈન્ટાઈમ)ની વેબસાઈટ પર https://instavote.linkintime.co.in પર ઉપલબ્ધ રહેશે. આ એન્યુઅલ રિપોર્ટની ભૌતિક કોપીઓની જરૂરત માટે શેરહોલ્ડરે કંપનીને રિકવેસ્ટ કરવી પડશે.

એજીએમની નોટીસમાં ઉલ્લેખીત દસ્તાવેજો, નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે. જે સભ્ય આ દસ્તાવેજોનું નિરીક્ષણ કોઈપણ ચાર્જ ભર્યા સિવાય જોઈ શકશે. આ દસ્તાવેજો જાહેરાતની તારીખથી એજીએમની તારીખ સુધી ઉપલબ્ધ રહેશે. આવા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવાની માંગ કરનાર સભ્ય upl.investors@upl-ltd.com પર ઈમેઈલ મોકલી શકે છે.

૩. **રિમોટ ઇ-વોટીંગ અને એજીએમ દરમ્યાન ઇ-વોટીંગ માટેની સૂચનાઃ**
એ. કંપની તેના સભ્યોને એજીએમ પર ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મંજૂર થવાના સૂચિત ઠરાવો પર મત આપવાના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડે છે. એટલે કે સભ્યો તેમના મત instavote દ્વારા રિમોટ ઈ-વોટિંગ અને એજીએમ દરમિયાન instameet દ્વારા ઈ-વોટિંગના માધ્યમથી આપી શકે છે.
બી. કંપનીએ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે લીન્ક ઈન્ટાઈમની સેવાઓ લીધી છે.
સી. નીચે દર્શાવેલ સમયગાળા દરમિયાન (''રિમોટ ઈ-વોટિંગ'') દ્વારા સભ્યો લીન્ક ઈન્ટાઈમની 'ઈન્સ્ટાવોટ'ની ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને દૂરથી તેમનો મત આપી શકે છે.
ડી. વધુમાં, ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પણ એજીએમમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે અને વીસી સુવિધા દ્વારા એજીએમમાં હાજરી આપનારા સભ્યો કે જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો નથી અને અન્યથા આમ કરવાથી પ્રતિબંધિત નથી તેઓ એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાને પાત્ર રહેશે. .
ઈ. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ પણ એજીએમમાં હાજરી આપી શકે છે પરંતુ તેઓ ફરીથી એજીએમમાં પોતાનો મત આપવા માટે હકદાર નથી.
એફ. વીસી સુવિધા દ્વારા ભાગ લેવા માટેની માહિતી અને સૂચનાઓ અને ઈવોટિંગની પ્રક્રિયા એજીએમ બોલાવતી નોટિસનો ભાગ બનતી નોંધોમાં આપવામાં આવી છે.
જી. રિમોટ ઈ-વોટિંગ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ થશેઃ
**રિમોટ ઇ-વોટિંગનો પ્રારંભ : મંગળવાર ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે** (ભારતીય સમય મુજબ)
**રિમોટ ઇ-વોટિંગ સમાપ્તી : ગુરૂવાર ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સાંજ ૫.૦૦ વાગ્યે** (ભારતીય સમય મુજબ)
એચ. જે સભ્યોના નામ કટ ઓફ તારીખ જે **શુક્રવાર ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૩**ના રોજ કંપનીના સભ્યોના રજીસ્ટરમાં વાસ્તવિક રીતે અથવા ડિપોઝીટરી તરફથી બેનિફિસીઅલ માલિકી લીસ્ટમાં નોંધાયેલા હશે એવા સભ્યો જ રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કરવા પાત્ર ગણાશે. જે શેરધારકો ઠરાવો પર મત આપ્યા પછી મતમાં ફેરબદલ કરી શકશે નહીં. રિમોટ ઈ વોટીંગ સમાપ્તી પછી લીન્ક ઈન ટાઈમ ઈ વોટીંગનું મોડ્યુલ વોટિંગ માટે નિષ્ક્રિય કરવામાં આવશે.
આઈ. જે કોઈ વ્યક્તિ નોટીસ મોકલાવ્યા પછી કંપનીનો સભ્ય બને અને તેનુ નામ કટ ઓફ તારીખ જે **શુક્રવાર ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૩**ના દિવસે હોય એવા સભ્યોએ લોગીન આઈડી અને પાસવર્ડ માટે enotices@linkintime.co.in. ઉપર વિનંતી કરવી. જે સભ્ય પહેલેથી જ રીમોટ ઈ વોટીંગ માટે લીન્ક ઈન ટાઈમમાં રજીસ્ટર હોય તો એવી વ્યક્તિ પોતાનો અગાઉનો યુઝર આઈડી અને પાસવર્ડ વોટીંગ માટે વાપરી શકે છે.

૪. **સભ્યો દ્વારા ઇમેઇલ સરનામાંઓ કેવાયસી વિગતોની નોંધણી/અપડેટ કરવાની રીતઃ**
એ) ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યો, જેમણે કંપનીમાં ઈમેલ સરનામા સહિતની તેમની કેવાયસી વિગતોની નોંધણી/ સુધારા કર્યા નથી, એવા સભ્યોએ લીન્ક ઈન ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને જરૂરી દસ્તાવેજો સાથે સંપૂર્ણ રીતે ફોર્મ ISR-1ની વિગતો અને સહી કરીને ફોર્મ મોકલાવી નોંધણી/સુધારાની વિનંતી કરી શકે છે. અથવા rnt.helpdesk@linkintime.co.in પર ઈમેલ દ્વારા અન્યથા દસ્તાવેજો લીન્ક ઈન ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના સરનામા ઉપર જે યુનીટ : યુપીએલ લિમિટેડ, સી- ૧૦૧, ૨૪૭ પાર્ક, એલ.બી.એસ માર્ગ, વિક્રોલી (વેસ્ટ), મુંબઈ- ૪૦૦૦૮૩. પર મોકલી શકે છે. આ ફોર્મ કંપનીની વેબસાઈટ https://www.upl-ltd.com/investors/shareholder-center/forms પર ઉપલબ્ધ છે.
બી) ડિમટીરિયલાઈઝ્ડ મોડમાં શેર ધરાવતા સભ્યો, જેમણે તેમના ડિપોઝિટરી સહભાગીઓ સાથે તેમના ઈમેઈલ સરનામાંઓ નોંધણી / સુધારા કર્યા નથી, તેઓને ડિપોઝિટરી સહભાગીઓ સાથે તેમના ઈમેઈલ સરનામાંની નોંધણી/સુધારા કરવા વિનંતી કરવામાં આવે છે, જેમની સાથે તેઓ પોતાનું ડિમેટ એકાઉન્ટ જાળવે છે.

૫. **એવા શેરહોલ્ડરો કે જેમના ઇમેઇલ આઈડી રજીસ્ટર નથી તેઓને ઇ-વોટિંગ કરવા માટે યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાની પ્રક્રિયા નીચે મુજબ છેઃ**
એ. જે સભ્યો ફીઝીકલ સ્થિતિમાં શેર ધરાવે છે, તેઓ ફોલિયો નંબરની વિગતો શેર હોલ્ડરનું નામ, સ્કેન કરેલ શેર સર્ટીફિકેટ(આગળ-પાછળ) સાથે કંપનીને પત્ર લખીને અને upl.investors@upl-ltd.com પર પાનકાર્ડ અને આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ જોડીને અથવા લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ પર તેમની ઈમેઈલ આઈડી rnt.helpdesk@linkintime.co.in. પર નોંધણી / અપડેટ કરી શકે છે.
બી. જો શેર ડીમેટ મોડમાં ધરાવે છે, તો કૃપા કરીને DPID-CLID (૧૬ ડિજીટ DPID+CLID અને ૧૬ ડિઝીટ બેનિફિસીઅલ આઈડી) નામ, ક્લાયંટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલો, પાનકાર્ડ અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલને enotices@linkintime.co.in પર ઈમેઈલ કરો.

કોઈપણ પ્રશ્નો/સમસ્યાના કિસ્સામાં, તમે હેલ્પડેસ્ક નંબર +૯૧ ૨૨ ૪૯૧૮ ૬૦૦૦ (એક્સટેન્શનઃ ૨૫૦૫) પર સંપર્ક કરી શકો છો અથવા શ્રી રાજીવ રંજન, સહાયક ઉપાધ્યક્ષ ઈ-વોટીંગ, લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને enotices@linkintime.co.in પર ઈમેઈલ કરીને વિનંતી કરી શકાશે.

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે જો કોઈપણ પ્રશ્નો/ફરિયાદના નિવારણ માટે નીચે જણાવેલ સરનામા પર સંપર્ક કરવાની નોંધ લેવી.

**મે.લીન્ક ઇનટાઇમ ઇન્ડિયા પ્રા. લિ.,**
**રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ**
**સરનામુંઃ એકમ : યુપીએલ લીમીટેડ સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલ.બી.એસ.માર્ગ, વિક્રોલી (વેસ્ટ), મુંબઇ- ૪૦૦૦૮૩, ટેલિ નંબરઃ +૯૧ ૨૨ ૪૯૧૮૬૨૭૦,**
**ઇ-મેઇલઃ** rnt.helpdesk@linkintime.co.in

**યુપીએલ લિમિટેડ વતી,**
**સહિ**
**સંદીપ દેશમુખ**
**(કંપની સેક્રેટરી અને કંપલાયન્સ ઓફિસર)**
**(એસીએસ ૧૦૯૪૬)**

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૨૭ જુલાઈ, ૨૦૨૩**